જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

**તા.૨૬/૦૭/૨૦૧૮ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩ લીટર દેશી દારૂ, ૧૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૮ બિયર ટીન અને ૦૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૧૨,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૧/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૨૨/૧૮**

**વાસણા** : ધ્રુવ રાજેશકુમાર કાનાબાર (રહે,ખોડીયારનગર વિભાગ-૨ મદ્રાસીમંદીર ની પાછળ વાસણા) એ તા.૨૫/૭/૧૮ નારોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૩૦/૦૬/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાહુલ શર્મા (૨) ઇશા રાય અને (૩) સુઇત ગુપ્તા (જેઓના પુરા નામ-સરનામ ની ખબર નથી તે) ભેગામળી દૈનિક સમાચાર માં નોકરી વિષયક રીલાયંસ જીઓ કંપની ની જાહેરાત આપેલ, જે વાંચી ધ્રુવે વાતચીત કરતા ઘરે બેઠા કમાવવાની લોભામણી વાત કરી, વિશ્વાસમા લઇ સભ્ય બનવા અને અલગ-અલગ ચાર્જ પેટે ધ્રુવ પાસેથી કુલ રૂપિયા ૩,૬૭,૭૫૦/- અલગ-અલગ બેંક ખાતામા જમા કરાવડાવી, તે પૈસા પરત માગતા નહિ આપી ધ્રુવ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એચ.જાડેજા ચલાવે છે.

**મણીનગર** : દલસુખભાઇ શનાભાઇ પરમાર (ઉ.વ.૩૮)(રહે,ઠાકોરવાસ અમરાઇવાડી) એ તા.૨૫/૭/૧૮ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે તા.૨૪/૦૫/૧૮ થી તા.૧૭/૦૬/૧૮ સાંજના ૬/૩૦ દરમ્યાન મણીનગર આઇ.સી.આઇ.સી.આઇ.બેંક રામબાગ શાખા ખાતેથી અજાણી વ્યક્તિએ દલસુખભાઇના બેંક એકાઉન્ટમાંથી ઓનલાઇન પે.ટી.એમ. તથા ઓલામની દ્વારા કુલ રૂપીયા ૧,૪૮,૦૬૦/- ખાતામાંથી ઉપાડી લઇ, દલસુખભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.જી.સરવૈયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૪૨૩/૧૮**

**નરોડા** : જયકુમાર રાજેન્દ્રકુમાર વ્યાસ (રહે, હરીવલ્લભ સોસાયટી, મહાપ્રભુજીની બેઠકની સામે, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૭/૧૮ ના કલાક ૧૧/૩૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરના ધાબા ના દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમના વોર્ડરોબમા મુકેલ રોકડ રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૪૨૪/૧૮**

**સોલા હાઇકોર્ટ** : રમીલાબહેન વિનોદ્કુમાર પટેલ (ઉ.વ.૪૭)(રહે,સેલેટીયલ લીવીંગ ફ્લેટ, સાયન્સ સીટી રોડ સોલા) તા.૨૫/૭/૧૮ ના કલાક ૧૧/૩૦ વાગ્યાના સુમારે ડીવાઈન પાર્ક રોડ સત્વ સોસાયટી ગેટ પાસે રોડ ઉપર થી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો (૨૫ થી ૩૦ વર્ષના આશરાના) રમીલાબહેન ના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રમીલાબહેન પટેલે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એમ.પરમાર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :** **સમાચાર યાદી નં.૧૪૨૫/૧૮**

**"જે" ટ્રાફીક પો.સ્ટે.**: ગૌતમભાઇ શાંતિલાલ ગોહેલ (ઉ.વ.૨૭)(રહે.વંદના સોસાયટી, શના નગરની સામે, વટવા ગામ) તા.૨૫/૦૭/૧૮ રાતના ૯/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે જશોદાનગરથી હાથીજણ સર્કલ તરફ જતા રોડ ઉપર અંબીકા વે-બ્રીજ ની સામે રોડ ઉપરથી એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન કોઇ અજાણ્યા વાહન ચાલકે પોતાના કબ્જાનું વાહજ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવતા, એક્ટીવાને ટક્કર વાગતા ગૌતમભાઇ ને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મરણ જનાર ગૌતમભાઇના કૌટુંબીક ભાઇ નવદીપભાઇ ગોહેલે "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની પો.ઇ.શ્રી એ.બી.નાગોરી ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૪૨૬/૧૮**

**ગોમતીપુર** : મયુરભાઈ જીતેંદ્રભાઈ પરમાર (ઉ.વ.૨૨)(રહે,મગનકુંભારની જુનીચાલી ધોળકા મીલ સામે ગોમતીપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૦૭/૧૮ ના કલાક ૧૨/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતના લાકડાના વડી સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.